Extra No. 452

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, JULY 28, 2026 / SRAVANA 6, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઇ, ૨૦૨૬

ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર મહાનગરપાલિકાની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ-૨૦૨૬

વંચાણમાં લીધા:

(૧) રાજ્ય ચૂંટણી આયોગનો આખરી આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-યુ.૯-સમક-મનપા-ગાંધીનગર-૨૦૨૧, તા.૦૩/૦૩/૨૦૨૧.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-મનપા-વારાફરતી-સ્થા.સ્વ.-૧૩૯(૨)-૦૭૨૦૨૦-ક, તા.૨૪/૦૭/૨૦૨૦.

(૩) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો-૨૦૧૦

(૪) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No 17 Of 2023).

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV-349 of 2024/UDUHD/MSM/e-file/18/2024/4680/P section, તા.૨૫/૦૯/૨૦૨૪.

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-ગાંધીનગર-મ.ન.પા-વારાફરતી-ફાળવણી-આદેશ-યુનિટ-૫-૨૦૨૬.:- ભારતના બંધારણના અનુચ્છેદ 243 K અને 243-ZA ની જોગવાઈ મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા અને તેના ઉપર દેખરેખ, માર્ગદર્શન તથા નિયંત્રણ અને ચૂંટણી સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૫ ની જોગવાઈ મુજબ સને ૨૦૧૧ની વસતિગણતરી મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર મહાનગરપાલિકાની વોર્ડ સંખ્યા(અનામત બેઠકો સહિત) નકકી કરેલ તે આધારે તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ ૫ ની પેટા કલમ ૩(ખ) અને ૪ અને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો ૧૯૯૪ હેઠળની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા.૧૧-૧૨-૧૪ અને આયોગના આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ની તથા આયોગના વંચાણ(૨) વાળા આદેશની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણ(૧) વાળા તા.૦૩/૦૩/૨૦૨૧ના આખરી આદેશથી વોર્ડ રચના કરી અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ તથા આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો તથા સામાન્ય વર્ગની સ્ત્રીઓ માટેની અનામત તથા બિનઅનામત સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. જે આધારે વર્ષ-૨૦૨૧માં ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

વંચાણે લીધેલ (૪) ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૭), તા.૨૯/૦૯/૨૦૨૩ થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ (૫) ના તા.૨૫/૦૯/૨૦૨૪ના જાહેરનામાંથી ગાંધીનગર મહાનગરપાલિકા માટે ૧૧ વોર્ડ અને ૪૪ બેઠકો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૫ બેઠકો પૈકી ૨ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત, અનુસૂચિત આદિજાતિની ૧ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત અને પછાતવર્ગની ૧૨ બેઠકો પૈકી ૬ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવેલ છે.

વંચાણ લીધેલ આમુખ(૩) ના સુધારા નિયમોથી છેલ્લી સામાન્ય ચૂંટણીની તારીખથી દર પાંચ વર્ષે મહાનગરપાલિકાઓના વોર્ડની બેઠકોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં વારાફરતી (રોટેશન) કરી બેઠકોની ફાળવણી કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. ગાંધીનગર મહાનગરપાલિકાની છેલ્લી સામાન્ય ચૂંટણી વર્ષ-૨૦૨૧માં યોજવામાં આવેલ હતી.

રાજ્ય ચૂંટણી આયોગના વંચાણ (૧) વાળા, તા.૦૩/૦૩/૨૦૨૧ના આદેશમાં ભારતના બંધારણના અનુચ્છેદ 243-ZA, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) બાબતના નિયમો-૨૦૧૦ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.-૧-૧૨૨૦૧૪-ક, તા.૧૧-૧૨-૨૦૧૪ તથા આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ ધ્યાને લઈ આ સાથેની 'અનુસૂચિ-૨' માં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો તથા બિનઅનામત સામાન્ય બેઠકોની વારાફરતી ફાળવણી નકકી કરવામાં આવે છે અને હવે પછી યોજાનાર ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે બેઠકો ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ આદેશ કરે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

એન. કે. ડામોર,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-ગાંધીનગર-મ.ન.પા-વારાફરતી-ફાળવણી-આદેશ-યુનિટ-૫-૨૦૨૬, તા.૨૮/૦૭/૨૦૨૬નું બિડાણ.

અનુસૂચિ-૨

ગાંધીનગર મહાનગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૩૨૪૪૮૬		
કુલ વોર્ડની સંખ્યા	૧૧		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૨૯૪૯૯	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૩૨૪૪૯

		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૨૬૫૪૯
બેઠકોની સંખ્યા	૪૪		
કુલ સ્ત્રી બેઠકો	૨૨		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ બેઠકો અનુસૂચિતજાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૨	તે પૈકી ૬ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૩૧		
સામાન્ય બેઠકો	૧૩		

અ.નં	વોર્ડ નં	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકનીફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૨૩૮૬૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૨૭૭૦૫	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૨૭૪૩૪	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૩૧૭૭૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૩૧૧૪૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૩૦૯૩૯	અનુસૂચિત આદિજાતિ	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૨૯૯૫૪	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૮	૮	૩૦૩૬૮	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૩૧૬૨૯	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૦	૧૦	૩૦૭૪૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૧	૧૧	૨૮૯૩૨	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ		**૩૨૪૪૮૬**				

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

એન. કે. ડામોર,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.31 19:00:36 IST